## ઉત્કર્ષ પેટ્રોલ પંપની સામે કારેલીબાગ પોલીસની રેડ, 4 ખેલી ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં ઉત્કર્ષ પેટ્રોલ પંપની સામે આંબાવાડીના કોતરમાં ચાલતા જુગાર જુગાર પર પોલીસે રેડ કરી ચાર ખેલીને ઝડપી પાડ્યાં હતા. જેમાં પોલીસે રોકડ રકમ, 3 ટુ વ્હીલર અને 2 મોબાઈલ મળી રૂ.1.04 લાખનો મુદામાલ કબ્જે કર્યો છે. વડોદરા કારેલીબાગ વિસ્તારમા સ્ટાફના માણસો 22 ફેબ્રુઆરીના રોજ પેટ્રોલિંગની કામગીરી કરી રહ્યાં હતા. તે દરમ્યાન બાતમી મળી હતી ઉત્કર્ષ પેટ્રોલ પંપ સામે આંબાવાડીના કોતરમાં કેટલાક લોકો જુગાર રમી છે.

જેના આધારે કારેલીબાગ પોલીસે બાતમીવાળી જગ્યાએ રેડ કરી હતી. ત્યારે પોલીસે જોઇને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જેમાં સ્થળ ઉપરથી ચાર ખેલી રાજનભાઈ રઘુવંશી નાયર (રહે. ગુરુદેવ રેસીડેન્સી સમા સાવલી રોડ, વડોદરા), નિલેશ રતીલાલ સોલંકી ( રહે. ગજરા મેન્સનની ગલી લાલપુરા નવાયાર્ડ ફતેગંજ, વડોદરા), રાજેશ ઉર્ફે બાબુ કનુ પરમાર (રહે. કુંભારવાડા ફૂડ એન્ડ ડ્રગ્સ લેબોરેટરી પાછળ નિઝામપુરા, વડોદરા) અને ઘેલા ભલા ભરવાડ ( રહે.નવયુગ સ્કુલ પાછળ ભરવાડોના ઝુંપડા ફતેગંજ વડોદરા) ઝડપાઈ ગયા હતા. જેમાં પોલીસ દ્વારા જુગરીઓની અંગઝડતી કરતા રોકડા રકમ બે મોબાઈલ ત્રણ બાઇક અને રૂપિયા રૂ.1.04 લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### કોઈપણ પ્રકારના સુપરવિઝન વગર ચાલતી કામગીરીને પગલે રહીશોમાં ભારે રોષ

# મકરપુરા ગામમાં ડ્રેનેજ કામગીરી દરમિયાન પાણીની લાઈન તૂટી, હજારો લીટરનો વેડફાટ

**અધિકારીઓના** ઉદ્ધત જવાબથી લોકો અકળાયા, જવાબદારો સામે પગલા લેવા માગ કરાઇ





(પ્રતિનિધિ) વડોદરા,તા.23

શહેરના વોર્ડ નંબર 19 માં આવતા મકરપુરા ગામના સર્વન્ટ્સ ક્વોર્ટર પેલેસ લાઈન વિસ્તારમાં મહાનગરપાલિકાની ગંભીર બેદરકારી સામે આવી છે. ડ્રેનેજ નાખવાની કામગીરી દરમિયાન પીવાના પાણીની મુખ્ય લાઈન તોડી નાખવામાં આવતા હજારો ગેલન ચોખ્ખું પાણી ગટરમાં વહી ગયું હતું. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, કોર્પોરેશન દ્વારા આ વિસ્તારમાં ડ્રેનેજ લાઈન નાખવાનું કામ ચાલી રહ્યું છે. જોકે, આ કામગીરી દરમિયાન કોઈ જવાબદાર અધિકારી કે સુપરવાઈઝર હાજર ન હોવાથી કામદારોએ આડેધડ ખોદકામ કર્યું હતું. પરિણામે પીવાના પાણીની લાઈન કપાઈ ગઈ હતી અને પીવાનું પાણી રસ્તાઓ પર અને ગટરમાં વહેવા લાગ્યું હતું.જ્યારે વિસ્તારના લોકોએ પાણીના વેડફાટ અંગે હાજર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરના માણસોને રજૂઆત કરી, ત્યારે તેમને અત્યંત ઉદ્ધત જવાબ આપવામાં આવ્યો હતો. અધિકારીઓએ રહીશોને જણાવ્યું હતું કે, "અમારી પાસે પ્લમ્બર નથી, તમે તમારી રીતે પ્લમ્બર બોલાવો અને તમારા ખર્ચે પાઈપલાઈન રિપેર કરાવી લો." તંત્રના આવા જવાબથી લોકો વધારે રોષે ભરાયા હતા. લોકોનું કહેવું છે કે જો ભૂલ તંત્રની હોય તો રિપેરિંગનો ખર્ચ રહીશો શા માટે ભોગવે? મકરપુરા ગામના રહીશોએ આક્ષેપ કર્યો છે કે તેઓ છેલ્લા 55 વર્ષથી અહીં રહે છે અને ક્યારેય ચોમાસામાં પણ પાણી ભરાવાની કે ડ્રેનેજ ઉભરાવાની સમસ્યા નહોતી. જૂની લાઈન બરાબર કામ કરી રહી હોવા છતાં, કોઈ પણ નક્કર કારણ વગર નવી લાઈન નાખવાની કામગીરી શરૂ કરીને લોકોને હાલાકીમાં મુકવામાં આવ્યા છે.હાલમાં ઉનાળાની શરૂઆત પહેલા જ પીવાના પાણીનો આ રીતે વેડફાટ થતા લોકોમાં ચિંતા છે. રહીશોએ માંગ કરી છે કે તંત્ર તાત્કાલિક ધોરણે પોતાના ખર્ચે પાઈપલાઈન રિપેર કરી આપે અને ભવિષ્યમાં આવી બેદરકારી ન થાય તે માટે જવાબદારો સામે પગલાં લેવામાં આવે.

## ચેક બાઉન્સના કેસમાં નાસતા ફરતા આરોપીને ગ્રામ્ય પેરોલ ફર્લો સ્કવોર્ડે ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

ધી નેગોશીએબલ એક્ટના ગુનામાં બે વર્ષની સજા પામેલો આરોપી પોલીસ ધરપકડથી બચવા માટે છેલ્લા છ વર્ષથી નાસતો ફરતો હતો. દરમિયાન ગ્રામ્ય પેરોલ ફર્લો સ્કવોર્ડ દ્વારા સંખેડા તાલુકાના ગોલાગામડી ગામેથી ઝડપી પાડીને ડભોઇ પોલીસને સોંપ્યો છે. વડોદરા જિલ્લા ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલ દ્વારા ઓપરેશન પરાક્રમ અંતર્ગત દારૂ, અપહરણ, લુંટ, ચોરી છેતરપિંડી સહિતના વિવિધ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવાની સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત ચેક બાઉન્સના કેસમાં કોર્ટ દ્વારા આરોપી અશોકકુમાર શર્માને બે વર્ષની સજા ફટકારવામાં આવી હતી અને 95 હજારનો દંડ પણ ફટકારાયો હતો.ત્યારે આ નાસતા ફરતા આરોપીની ગ્રામ્ય પેરોલ ફર્લો સ્કવોર્ડ શોધખોળ કરી હતી. દરમિયાન બાતમી મળી હતી કે આરોપી છોટાઉદેપુર જિલ્લા ખાતે છે. જેથી પેરોલ ફર્લો સ્કવોર્ડની ટીમ ત્યાં પહોંચી આરોપીને સંખેડા તાલુકાના ગોલાગામડી ખાતેથી ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ આરોપીને આગળની કાર્યવાહી માટે ડભોઈ પોલીસને સુપ્રત કરાયો છે.



### કામગીરી કે માત્ર દેખાડો?:કૂવા પર યોગ્ય પુરાણ કર્યા વિના જ ડામર પાથરી દેવાયો

## મકરપુરા ST ડેપો પાસે રોડ બેસી જતાં તંત્રની પોલ ખુલી

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

શહેરના મકરપુરા એસ.ટી. ડેપો પાસે મસમોટો ભુવો પડવાની ઘટના સામે આવી છે. આશ્ચર્યની વાત એ છે કે, આ રોડ હજુ માત્ર 10 દિવસ પહેલા જ બનાવવામાં આવ્યો હતો. રસ્તો નવો બન્યાના ટૂંકા ગાળામાં જ ભુવો પડતા કોર્પોરેશનની કામગીરી અને ભ્રષ્ટાચાર સામે ગંભીર સવાલો ઉભા થયા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, મકરપુરા એસ.ટી. ડેપો સામે જે જગ્યાએ ભુવો પડ્યો છે, ત્યાં વર્ષો જૂનો ગાયકવાડી સમયનો કૂવો આવેલો છે. સ્થાનિકોએ જ્યારે રોડનું કામ ચાલુ હતું ત્યારે જ કોન્ટ્રાક્ટર અને કોર્પોરેશનના માણસોને જાણ કરી હતી કે અહીં કૂવો છે, તેથી તેનું પુરાણ વ્યવસ્થિત રીતે કરવામાં આવે. જોકે, તંત્રએ આ ચેતવણીને નજરઅંદાજ કરી માત્ર પથ્થરો નાખી અને સ્લેબ ભરીને રસ્તો તૈયાર કરી દીધો હતો. સ્થાનિક ના જણાવ્યા મુજબ, 1980થી તેઓ અહીં રહે છે અને આ કૂવાની સ્થિતિ વિશે જાણતા હતા. તંત્રની મનમાની અને ઉતાવળે કરેલી કામગીરીને કારણે રોડ બન્યાના ગણતરીના દિવસોમાં જ સ્લેબ તૂટી પડ્યો અને ભુવો પડી ગયો. સદનસીબે જ્યારે ભુવો પડ્યો ત્યારે કોઈ વાહન ચાલક ત્યાંથી પસાર થઈ રહ્યો ન હતો, અન્યથા મોટી જાનહાનિ કે ગંભીર અકસ્માત સર્જાઈ શક્યો હોત. શહેરમાં વારંવાર પડતા ભુવાઓને કારણે લોકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. મકરપુરાના આ વ્યસ્ત રસ્તા પર ભુવો પડવાને કારણે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ રહી છે.



સ્થાનિકો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે જો અકસ્માત થયો હોત તો તેનો જવાબદાર કોણ? લોકોમાં એવી પણ ચર્ચા છે કે કોર્પોરેશન દ્વારા લોકહિત કરતા કોન્ટ્રાક્ટરોના હિતને વધુ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે, જેના કારણે આવા નબળા કામો થઈ રહ્યા છે. હાલમાં આ વિસ્તારમાં સુરક્ષાના ભાગરૂપે આડશ મૂકાઈ છે.

### આગને પગલે ગ્રાહકો બહાર દોડી આવ્યા

## સયાજીગંજ યશ કમલ બિલ્ડીંગમાં શોર્ટ સર્કિટથી વાયરો સળગ્યા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલા યશ કમલ બિલ્ડીંગમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. તાત્કાલિક ફાયરબ્રિગેડ અને વીજ કંપનીની ટીમે સ્થળ પર પહોંચી પરિસ્થિતિ સંભાળી લીધી હતી. સદ નસીબે કોઈ જાનહાની થઈ ન હતી. જોકે, એક તબક્કે બેંકના કર્મચારીઓ સહિત કામ અર્થે આવેલા ગ્રાહકો બેંકની બહાર દોડી આવ્યા હતા. વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલી યસ કમલ બિલ્ડીંગના વીજ મીટરમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. વીજ મીટરના વાયરો સળગતા દોડધામ મચી હતી. જ્યારે, ખાનગી બેંકોની વચ્ચે ગલીમાં લાગેલી આગના કારણે કર્મચારીઓ બહાર દોડી આવ્યા હતા. જ્યાં પ્રથમ લોકોએ પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લેવાના પ્રયાસ કર્યા હતા. જ્યારે, બનાવ અંગેની જાણ થતા જ વડોદરા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળ પર દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. એમજીવીસીએલ ટીમ દ્વારા વીજ પુરવઠો બંધ કરી દેતા મોટી દુર્ઘટના થતા ટળી હતી. ફાયરમેન જયેશ ચુનારાએ જણાવ્યું હતું કે , ફાયર કંટ્રોલરૂમથી ફોન આવ્યો હતો કે કાલાઘોડા પાસે યશ કમલ બિલ્ડીંગમાં આગ લાગી છે. જે કોલ મળતાની સાથે સ્થળ પર આવ્યા હતા અને તપાસ કરતા આગ કાબુમાં આવી છે કેબલ સળગે છે. એવો આભાસ થયો હતો. એટલે પાણીનો મારો ચાલુ કરી આગ બુઝાવી દીધી હતી કોઈ જાનહાની થઈ નથી.

### જાંબુઆ બ્રિજ પર હિટ એન્ડ રનની ઘટના

## એક્ટિવા સવાર દંપતીને અડફેટે લઈ ટ્રક ચાલક ફરાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.23

શહેરના નેશનલ હાઈવે પર આવેલ જાંબુઆ બ્રિજ જાણે અકસ્માતનો ઝોન બની રહ્યો હોય તેમ વધુ એક ભયાનક અકસ્માત સર્જાયો છે. એક્ટિવા પર જઈ રહેલા એક દંપતીને અજાણ્યા ટ્રક ચાલકે પાછળથી જોરદાર ટક્કર મારતા દંપતી રસ્તા પર પટકાયું હતું. મળતી માહિતી મુજબ, દંપતી જ્યારે જાંબુઆ બ્રિજ પરથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે પૂરપાટ ઝડપે આવતા એક અજાણ્યા ટ્રક ચાલકે તેમના વાહનને અડફેટે લીધું હતું. આ ટક્કર એટલી ભીષણ હતી કે મહિલાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ ઈજાગ્રસ્ત મહિલાને સૌ પ્રથમ નજીકની મકરપુરા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની હાલત વધુ ગંભીર જણાતા તેમને વધુ સારવાર માટે પારુલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે, જ્યાં તેઓને સારવાર ચાલી રહી છે. સ્થાનિકોમાં આ અકસ્માતને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. જાંબુઆ બ્રિજ અને તેની આસપાસના વિસ્તારોમાં ભારે વાહનોની અનિયંત્રિત ગતિ અને ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન સતત વધી રહ્યું છે. અવારનવાર સર્જાતા આવા અકસ્માતો નિર્દોષ લોકોનો ભોગ લે છે. શું પોલીસ અને તંત્ર માત્ર ઘટના બન્યા પછી જ જાગશે ? અહીં કડક પેટ્રોલિંગ અને ગતિ મર્યાદાનું પાલન કરાવવું અનિવાર્ય છે. પોલીસે આ મામલે અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે. જોકે, વધતા જતા અકસ્માતોને રોકવા માટે હવે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.




### મુસ્લિમ અગ્રણીઓ સાથે બેઠક યોજાઇ

## આગામી તહેવારો શાંતિ-એકતા સાથે ઉજવવા સીપીની અપીલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.23

મુસ્લિમ બિરાદરો દ્વારા વડોદરા શહેરમાં ભારે ધામધૂમથી રમજાન માસ તથા ઈદની ઉજવણી કરવામાં આવતી હોય છે. ત્યારે પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારની અધ્યક્ષતામાં 23 ફેબ્રુઆરીના રોજ પોલીસ ભવન ખાતે રમઝાન માસ તથા ઈદના તહેવારને લઈને બેઠક યોજવામાં આવી હતી. જેમાં વડોદરા શહેરના તમામ નાયબ પોલીસ કમિશ્નર, મદદનીશ પોલીસ કમિશ્નર તથા વિવિધ વિસ્તારમાંથી ૩૦ થી વધુ મુસ્લિમ અગ્રણીઓ હાજર રહ્યાં હતા. હાલમાં ચાલતા રમઝાન માસ તથા આવનાર ઈદ દરમિયાન નાગરિકોની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખી તહેવાર શાંતિપૂર્ણ રીતે ઉજવાય માટે પોલીસ કમિશ્નર દ્વારા વિવિધ સૂચનો કરાયાં હતા. આ વર્ષે પણ રમઝાન માસ, ઈદ તેમજ હોળી-ધુળેટી, ચેટીચાંદ તહેવારો એક સાથે આવે છે ત્યારે વડોદરા શહેરમાં શાંતિ, એકતા અને ભાઈચારાનું સૌહાર્દપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે માટે સહકાર આપવા અપીલ કરાઈ છે.



## મુજમહુડા ખાતે લગ્ન પ્રસંગમાં થયેલી તકરાર મહિલા પર ઈંટથી હુમલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.23

માંજલપુર વિસ્તારમાં આવેલી મણીનગર સોસાયટીમાં રહેતા રેશ્માબેન પ્રતિકભાઈ શેલાર મુજમહુડા ખાતે પ્રકાશભાઈ કેશારકર દ્વારા તેમના દીકરા વિવેકના 22 ફેબ્રઆરીના રોજ લગ્ન રાખ્યા હોય ત્યાં આવ્યાં હતા. જેથી ડ્રીમ આત્મીય-01 વડસર રોડ માંજલપુર આવ્યા હતા. મારા વડ સાસુ સાવિત્રીબેનને રિક્ષામાં લઈ મારા પતિ આવ્યાં હતા પરંતુ તેમને અંદર નહી લઈ જવા દેતા વિજય પાટીલે ઝઘડો કર્યો હતો. તેની અદાવત રાખી 22 ફેબ્રઆરીએ વિવેકનો વરઘોડા દરમિયાન વિજય પાટીલ, દતાભાઈ સાળુકે તથા અન્ય શખ્સો મહિલાના પતિ ઝઘડો કરી હાથાપાઈ કરતા મહિલા બચાવવા વચ્ચે પડયા હતા ત્યારે મહિલા પર ઈંટથી હુમલો હુમલો કરતા તેઓ બેભાન થયાં હતા. બાદમાં મહિલાએ 5 લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### આજવા રોડ પર 15 થી 20 શખ્સોના ટોળાએ ઘરમાં ઘૂસી મચાવ્યો આતંક

## પુત્રના સાસરીવાળાએ સસરા પર કર્યો જીવલેણ હુમલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.23

વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં આવેલી રામદેવ નગર સોસાયટીમાં ગઈકાલે બપોરે એક ભયાનક ઘટના સામે આવી છે. પુત્ર અને પુત્રવધૂ વચ્ચેના ચાલતા વિખવાદમાં પુત્રવધૂના પિયર પક્ષના લોકોએ ઉશ્કેરાઈને મથુરભાઈ બારીયાના ઘરે હુમલો કર્યો હતો. આ હિંસક હુમલામાં મથુરભાઈને માથાના ભાગે તીક્ષ્ણ હથિયાર વાગતા તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા.

મથુરભાઈ બારીયાના પુત્ર અને તેમની વહુ વચ્ચે છેલ્લા ઘણા સમયથી અણબનાવ ચાલી રહ્યો હતો. આ પારિવારિક કંકાસ ગઈકાલે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ગયો હતો. બપોરના સમયે અચાનક જ મથુરભાઈની પુત્રવધૂ, તેના માતા-પિતા અને અન્ય અજાણ્યા 15 થી 20 જેટલા શખ્સોના ટોળાએ મથુરભાઈના ઘરમાં ઘૂસણખોરી કરી હતી. ઘરમાં ઘૂસેલા ટોળાએ મથુરભાઈ અને તેમની પત્ની સાથે ગાળાગાળી કરી ધાકધમકી આપી હતી. વાત આટલેથી ન અટકતા, ઉશ્કેરાયેલા સાસરી પક્ષના લોકોએ મથુરભાઈ પર તીક્ષ્ણ વસ્તુ વડે જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાને કારણે મથુરભાઈના માથામાં ગંભીર ઈજા થઈ હતી અને લોહીનો ફુવારો છૂટ્યો હતો. આસપાસના પાડોશીઓ એકઠા થઈ જતા હુમલાખોરો નાસી છૂટ્યા હતા. સ્થાનિકોએ તાત્કાલિક 108 ઈમરજન્સી સેવાને જાણ કરતા મથુરભાઈને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે એસ.એસ.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પીડિત મથુરભાઈ અને તેમના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે, હુમલાખોરો માત્ર માર મારીને અટક્યા ન હતા, પરંતુ ઘરમાંથી લૂંટ પણ ચલાવી હતી. પરિવારના જણાવ્યા મુજબ ઘરમાં રાખેલા અંદાજે 50,000 રોકડા. જરૂરી કાયદેસરના દસ્તાવેજો. સોનાના દાગીના અને અન્ય કિંમતી વસ્તુઓ. આ તમામ વસ્તુઓ પુત્રવધૂ અને તેના માતા-પિતા લૂંટીને લઈ ગયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.




### આગામી દિવસોમાં બે થી ત્રણ ડિગ્રી સુધીના ઘટાડાની શક્યતા

## વડોદરામાં ગરમીનું પ્રમાણ યથાવત,તાપમાન 35.2 ડીગ્રી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23

વડોદરા શહેરમાં વરસાદી સિસ્ટમ દૂર થતા જ ગરમીનો પારો 35 ડિગ્રીને પાર પહોંચી ગયો છે. જેને કારણે દિવસે ઉનાળાનો અનુભવ થવા માંડ્યો છે. સોમવારે ગરમીનો પારો 35.2 ડિગ્રી નોંધાયો હતો. વડોદરા શહેરમાં માર્ચ મહિનાના પ્રથમ અઠવાડિયાથી જ ગરમીનો અનુભવ થશે. રાત્રે પણ પારો 20 ડિગ્રી થી ઉપર રહે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ વખતે માર્ચ મહિનાથી જ આકરી ગરમી પડે તેવી સંભાવના વ્યક્ત કરી છે. વડોદરા શહેરમાં સોમવારે મહત્તમ તાપમાન 35.2 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 21 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સવારે હવામાં ભેજનું પ્રમાણ 60% અને સાંજે 23% નોંધાયું હતું. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ વાદળછાયા વાતાવરણ વચ્ચે શહેરના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. જો કે આ વરસાદની સિસ્ટમ દૂર થતાં જ ગરમીએ હવે જોર પકડ્યું છે. ઉનાળાના આરંભે જ દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. નોંધનીય છે કે, રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વરસાદ નોંધાયો હતો. મધ્ય અને ઉત્તર ગુજરાતમાં પણ વાદળછાયુ વાતાવરણ અને હળવા વરસાદની શકયતા વ્યક્ત કરવામાં આવી છે. આજથી મિશ્ર ઋતુની અસર રહેશે. અને હવામાનમાં પલટો આવશે. પરંતુ મોટાભાગે હવામાન શુષ્ક રહેશે. આગામી દિવસોમાં બે થી ત્રણ ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે.

**કરોડોના કોન્ટ્રાક્ટમાં મિલીભગતની ગંધ** વીઆઈપી રૂટ પર પટ્ટાની ચળકાટ, પણ સામાન્ય જનતાના માર્ગો રામભરોસે; કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની સાંઠગાંઠના ગંભીર આક્ષેપ

## વડોદરામાં રોડ સેફ્ટીના નામે 'કાગળ પર' થર્મોપ્લાસ્ટિક પેઈન્ટના લીટા

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના માર્ગોની સુરક્ષા અને સુંદરતા માટે કરવામાં આવતા કરોડોના ખર્ચ સામે ફરી એકવાર સવાલો ઉભા થયા છે. ખાસ કરીને શહેરના ચાર ઝોનમાં માર્ગો પર વ્હાઈટ અને પીળા પટ્ટા દોરવા માટે આપવામાં આવેલા હોટ એપ્લાઈડ થર્મોપ્લાસ્ટિક પેઈન્ટના કોન્ટ્રાક્ટમાં ગંભીર ગેરરીતિ થઈ રહી હોવાના આક્ષેપો ઉઠ્યા છે.

આરોપ છે કે, વાસ્તવિક ધરાતલ પર કામ કરવાને બદલે માત્ર કાગળ પર જ કામગીરી પૂર્ણ બતાવી દેવામાં આવે છે. સામાજિક કાર્યકર દ્વારા કરવામાં આવેલી જાત તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આક્ષેપ મુજબ, જ્યારે રાજ્યના કોઈ મંત્રી કે ઉચ્ચ અધિકારીઓ વડોદરાની મુલાકાતે આવવાના હોય છે, ત્યારે માત્ર તેમના નિયત રૂટ પર જ રાતોરાત ઝાકઝમાળ પટ્ટા દોરવામાં આવે છે. પરંતુ શહેરના અન્ય આંતરિક વિસ્તારો અને મુખ્ય રસ્તાઓ પર જ્યાં ખરેખર માર્ગ સુરક્ષાના ચિહ્નોની જરૂર છે, ત્યાં સ્થિતિ અત્યંત નબળી જોવા મળે છે. નિયમ મુજબ જ્યારે શહેરમાં નવીન રોડ બનાવવામાં આવે છે, ત્યારે કોન્ટ્રાક્ટરની જવાબદારી હોય છે કે માર્ગ કામગીરી પૂર્ણ થયા બાદ તેના પર પેઈન્ટિંગનું કામ કરવામાં આવે. જોકે, શહેરના અનેક વિસ્તારોમાં નવા રસ્તાઓ બની ગયા હોવા છતાં ત્યાં પટ્ટા જોવા મળતા નથી. આ બાબત સીધી રીતે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત તરફ આંગળી ચીંધે છે. આ ગંભીર મામલે મ્યુનિસિપલ કમિશનર, મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. માંગ કરવામાં આવી છે કે તંત્ર દ્વારા શહેરના તમામ ઝોનમાં ઓચિંતી તપાસ કરવામાં આવે અને પેઈન્ટની ગુણવત્તા તથા કામ ગી રીના જથ્થાની ચકાસણી કરવામાં આવે. જો આગામી દિવસોમાં જવાબદાર કોન્ટ્રાક્ટરો અને બેદરકાર અધિ કા રીઓ સામે કડક પગલાં લેવામાં નહીં આવે, તો આ મામલે રાજ્ય સ્તરે વિજિલન્સ તપાસની માંગ સાથે આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.





**નાગરિકોના ટેક્સના નાણાનો દુરુપયોગ**

"નાગરિકોના ટેક્સના પરસેવાની કમાણીનો અહીં સરેઆમ દુરુપયોગ થઈ રહ્યો છે. કોન્ટ્રાક્ટરો કામ કર્યા વગર જ બિલો પાસ કરાવી રહ્યા હોય તેવું જણાય છે."

**કમલેશ પરમાર,** સામાજિક કાર્યકર

### વડોદરા રેલવે લાઈન પર બોમ્બનો ડ્રામા

## પોલીસે પૂછપરછ માટે મુસ્તાકના આઠ દિવસના રિમાન્ડ મેળવ્યાં

(પ્રતિનિધિ) વડોદરા, તા. 23

વડોદરા શહેર નજીક અનગઢ ગામના નવાપુરા વિસ્તારમાંથી પસાર થતી રેલવે લાઈન ઉપર બોમ્બ જેવો બોમ્બ જેવો વિસ્ફોટક પદાર્થ મળ્યાની ઘટનામાં ચોંકાવનારો ખુલાસો થયો હતો. જેમાં બોમ્બની ફરિયાદ આપનાર રેલવેનો કોન્ટ્રાક્ટનો કર્મચારી મુખ્ય આરોપી નીળ્યો હતો. ત્યારે પોલીસે રાષ્ટ્રની સુરક્ષાના ભાગરૂપે આરોપીના 7 દિવસના રિમાન્ડ મેળવ્યાં છે. તાજેતરમાં અનગઢ ગામ નવાપુરા રેલવે લાઈન પરથી શંકાસ્પદ બોમ્બ જેવો સંદિગ્ધ વિસ્ફોટક પદાર્થ મુકવામાં આવ્યો હોવાની ફરિયાદ રેલવેમાં કોન્ટ્રાક્ટ પર નોકરી કરતા અને નિવૃત્ત આર્મી કર્મચારી 47 વર્ષીય મુસ્તાક અહમદ મોહમદ શેખ (મૂળ કાશ્મીર)એ પોતાના કોન્ટ્રાક્ટને એક્સટેન્શન મેળવવા માટે ષડયંત્ર રચ્યું હતું. મુસ્તાકે લગ્ન પ્રસંગોમાં વપરાતા 'કોલ્ડ પાયરો' નામના પદાર્થને બોમ્બ સમાન દેખાતો રેલવે ટ્રેક પર મૂકી બોમ્બ જેવો પદાર્થ મુકાયો હોવાની પોતે જ ફરિયાદ નોંધાવી હતી. નંદેસરી પોલીસ સહિત ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજી પોલીસની તપાસ કરાઈ હતી. જેમાં તપાસ દરમિયાન ફરિયાદી મુસ્તાક શેખની ગતિવિધિઓ શંકાસ્પદ લાગી આવી હતી. પોલીસે તેની કડકાઈથી પૂછપરછ કરતા તેણે પોતે જ રેલવે ટ્રેક પર કોલ્ડ પાયરો પ્લાન્ટ કર્યો હોવાની કબૂલાત કરી હતી.



**મુસ્તાક,** આરોપી

**આરોપીનો મોબાઈલ કબજે**

રાષ્ટ્રની સુરક્ષાના ભાગરૂપે આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. તેની વધૂ પૂછપરછ કરવા માટે તેને કોર્ટમાં રજૂ કરીને ૮ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. હાલમાં અન્ય કોઇની સંડોવણી બહાર આવી નથી. કરીને એફએસએલમાં મોકલાયો, પોલીસે આરોપીનો મોબાઇલ કબજે કરીને સીડીઆર માટે એફએસએલમાં મોકલવામાં આવ્યો છે.

**જગદીશ ચાવડા,** ડીસીપી ઝોન-1